# ઊંટવૈદુ કરી જાણે તે વૈદ્ય !

– અરવિન્દ શાસ્ત્રી

આપણી કેટલીક કહેવતો એવી છે કે જેણે અધૂરા જ્ઞાન સામે કટાક્ષ કર્યો છે. ધધો વ્યાપારની પૂરી જાણકારી વગર ધધો કરનારની સામે તેણે વ્યગ પણ કયા છે. આવી કહેવતોમા જો જોઈએ તો નીચેની કહેવતો તેમા મુખ્ય કહી શકાય :–

'અલ્પજ્ઞાન, અતિશય હાણ' ઓછુ જ્ઞાન ધરાવનારો વધુ નુકસાન કરી બેસે છે. 'સૂઠને ગાગડે ગાધી થવાય નહીં.' માત્ર સૂઠ કે બે–પાચ મરી મસાલા વેચવાથી ગાધી ન કહેવાય. બારા સુધી ભણી પડિત થવાય નહીં. પડિત થવા માટે તો પૂરુ જ્ઞાન જોઈએ. અગ્રેજીમા આ વિષયની એક સુદર અને સચોટ કહેવત છે. એક ફૂલથી કઈ હાર બનતો નથી. હાર માટે તો અનેક ફૂલો જોઈએ.

જેમ ગાધીના સબધમા કહેવત છે તે જ પ્રકારે અધકચરા વૈદક જ્ઞાન માટેની પણ કહેવતો છે. જુલાબ આપી જાણ્યો એટલે વૈદ્ય થયા, ઊંટવૈદુ કરી જાણે ને વૈદ્ય કહેવાયા. કેવી રીતે થઈ ?

ઊંટવૈદની ઉત્પત્તિ કેવી રીતે થઈ ?

વૈદ્યકનુ જ્ઞાન ન હોય છતા તે વૈદ્યનુ કામ કરતો દેખાય એટલે લોકો તરત કહેશે.....'આ ઊંટવૈદ છે.'

આમ 'વૈદ્ય'ની સામે ઊંટનો શબ્દ કેવી રીતે જોડાયો ને કહેવત જન્મી 'ઊંટવૈદ કરી જાણે ને વૈદ્ય કહેવાયા' તે કહેવતની ઉત્પત્તિ તથા તેની વાર્તા જાણવા જેવી છે, નકલ અને અધૂરા જ્ઞાન પરથી જ આ કહેવતનો જન્મ થયો છે. વાર્તા આ પ્રકારની છે :–

કોઈ એક વૈદ્ય હતો. વૈદ્યવિદ્યાનો અભ્યાસ તેણે કરેલો નહીં પણ અનુભવ ખરો. બહોળો અનુભવ તેણે મેળવેલો હતો. ચિકિત્સામા હોશિયાર. એવી તે ચિકિત્સા કરતો કે લોકોના દુઃખદર્દ પણ

દૂર થઈ જતા. તેના આવા જ્ઞાનથી અનુભવથી તેને ખૂબ પ્રસિદ્ધિ મળી હતી. ગામે ગામથી લોકો તેને બોલાવતા.

તેણે પોતાના કામને પહોચી વળવા એક મદદનીશ પણ રાખ્યો હતો. આ નોકર પાટાપીંડી, પડીકા બાધવાના કામમા તેને મદદ કરતો હતો.

એક વખતે આ વૈદ્ય આગળ એક રાજપૂત આવ્યો. તેણે વૈદ્યરાજને કહ્યુ – 'મહારાજ મારે ઘેર ચાલો મારુ ઊંટ બહુ જ બીમાર પડી ગયુ છે. એનો શ્વાસ અટકી ગયો છે જીવ જવાની તૈયારીમા છે.'

રાજપૂતને આ ઊંટ બહુ જ વહાલુ હતુ. ઊંટ હતુ પણ સશક્ત. રાતના તે ૬૦–૭૫ માઈલ સહેજે કાપી નાખે તેવુ પાણીદાર. એ ક્યાક ચરવા ગયુ હતુ. ચરતા ચરતા એક વેલો તેના ગળામા ગયો. પણ વેલો ગઠ્ઠાવાળો હતો એટલે તે ગળામા જ અટકી ગયો. ન તો એ બહાર નીકળી શકે કે ન તો અદર જાય. એ ગળામા જ બાઝી ગયો. ઊંટની આખો ચઢા ગઈ. ઊંટે બૂમ બરાડા પાડવા માડયા. ગામ લોકો એના દર્દથી ત્રાસી ગયા. દુઃખ પામ્યા.

આથી જ રાજપૂત વૈદ્યની આગળ દોડી આવ્યો તેને પ્રાર્થના કરવા લાગ્યો. વૈદ્ય મહારાજ! મારા ઊંટને સારુ કરી દો……

વૈદ્ય રાજપૂતને ત્યા આવ્યા તેનુ નિરીક્ષણ કર્યું. પાચ દસ મિનિટ તેની સામે જોઈ રહ્યા. પછી વૈદ્યે પૂછ્ય – 'અલ્યા, આ ઊંટ ક્યાક ચરવા ગયુ હતુ…..?'

રાજપૂતે કહ્યુ – 'હા, વાડીમા ગયુ હતુ.'

વૈદ્ય અનુભવી તો હતો જ. તેને કારણ મળી ગયુ. તેણે કહ્યુ – 'હુ દવા કરીશ. પણ ફીના રૂપિયા દશ થશે.'

રાજપૂતે તરત જ કેડની ગાઠમાથી રૂપિયા દશ રોકડા કાઢો વૈદ્યના હાથમા મૂકી દીધા.

વૈદ્યે અર્ધો શેર ઘી મગાવ્યુ અને તેને ગરમ કરાવી ઊંટના ગળામા રેડય ઊંટે આ સામે કોઈ આપત્તિ ન કરી.



પછી વૈદ્યે પોતાના પગમાથી એક જોડો કાઢયો અને ઊંટના ગળા પર તેનો એવો તો સખ્ત પ્રહાર કર્યો કે જોનારો પણ કપી ઊઠે. જોડાના આ મારથી ઊંટના ગળામા બાઝેલા વેલાનો ગઠ્ઠો સીધો થઈ અદર પેટમા સરકી ગયો. ઊંટ પીડામાથી મુક્ત બની ગયુ.

વૈદ્યના આ ઉપચાર વખતે તેનો મદદનીશ નોકર પણ સાથે જ હતો. તેણે આ જોયુ એના મનમા થયુ કે આ તો બહુ સરળ અને સીધો ઉપાય છે હુ પણ આવ કરી શકુ. આમા વૈદ્યે કઈ મોટી ધાડ મારી છે ? બસ, હવે હુ નોકરીમાથી છૂટો થઈ જઈશ અને સ્વતત્ર રીતે જ દવાખાનુ કાઢીશ.

અને નોકર ખરેખર નોકરીમાથી છૂટો થઈ ગયો. વૈદ્યે પૂછય, ‘અલ્યા, કેમ છૂટો થાય છે ?’

‘હવે હુ સ્વતત્ર વૈદુ કરીશ.’ નોકરે આત્મવિશ્વાસની સાથે કહી દીધ.

નોકરને આ ગામમા ઘરાકી મળવાનો સભવ નહોતો. એટલે તે બીજા એક ગામમા ગયો અને ત્યા તેણે પોતાના નામનુ પાટિયુ માર્યું.

ગામમા નવો વૈદ્ય આવ્યો એટલે લોકોને કુતૂહલ થયુ. નવા વૈદ્યે કહ્યુ કે – ‘હુ વર્ષોથી વૈદુ કરુ છુ.’ અનેક ભારે કેસો મે મટાડયા છે. દરદ તો મારા આવતાની સાથે જ છૂ થઈ જાય છે.

વૈદ્યની આવી ડફાસથી ગામલોકોમા તેની કઈક છાપ પડી પણ ખરી.

આ દરમ્યાન  ગામમા રહેતી એક ડોશી માદી પડી. હેડકી પણ આવવા માડી, ડોશી બચે તેવી આશા ન જણાઈ. કેટલા લોકોએ કહ્યુ, ‘નવા વૈદ્ય આવ્યા છે. અનુભવી છે, તેમને બોલાવો કદાચ તેઓ ડોશીમાને બેઠા પણ કરી દે.’

એક માણસ દોડયો દવાખાને. વૈદ્યરાજ દમામથી આવ્યા, રોફ ભારે. આવતાની સાથે જ એક ખુરશી પર બેસી ગયા. ડોશીને જોઈ અને પછી જરા આખો પહોળી કરી કહ્યુ, ‘આ ડોશી’મા ક્યા ચરવા ગયા હતા....’

વૈદ્યરાજના આ પ્રશ્નથી સૌ એકબીજાનુ મોઢ જોવા લાગ્યા. તેમને કઈક સમજ પડી. – કઈક ને ન પડી. એટલે એક છોકરાએ ફરી પૂછ્ય. વૈદ્યરાજ! આપે શુ કહ્યુ ?

‘આ ડોશી ક્યા ચરવા ગઈ હતી ?’ વૈદ્યે ફરી કહ્યુ.

‘વૈદ્યરાજ! આ તો માણસ છે. ઢોર ચરવા જાય માણસ નહીં.....’ એણે કહ્યુ.

હુ સમજુ છુ મારા સવાલનો જવાબ આપો. કહે – ‘હા, ગઈ હતી...’

ત્યા હાજર રહેલાઓ સમજ્યા કે વૈદ્યરાજ કઈક ઇલમ કરવાના હશે એટલે કહેવા દો – ‘હા, ગઈ હતી.... આપણુ શુ જાય છે !’

બેએક જણે કહ્યુ – ‘હા, ગયા તો હતા’

‘બસ...મારે આજ જાણવુ હતુ....’ કહી વૈદ્યરાજે પાશેર ગરમ ઘી મગાવ્યુ. ઘી આવતા જ તેમણે ડોશીને પકડી તેના ગળામા ઘી રેડી દીધુ.

ડોસીએ તરફડાટ કર્યો પણ વૈદ્યની મજબૂત પકડમા તે હતી. છટકી શકી નહીં.

પછી વૈદ્યે પોતાના પગમાથી એક જોડો કાઢયો. જોડો ભારે અને મજબૂત હતો. હાથમા લઈ તેણે એ ડોશીના કાઠલામા માર્યો.

એક ચીસ પડી અને તેની જ સાથે ડોશીની જીભ બહાર નીકળી પડી. એનો જીવ ચાલ્યો ગયો.

ડોશીના છોકરાઓ હવે ઉકળી ગયા. તેમણે વૈદ્યને ગળામાથી પકડયા અને તેને સારી રીતે મેથીપાક આપી લાત મારી કાઢી મૂક્યો.

આ ગામમાથી નીકળી વૈદ્ય બીજા ગામમા ગયો. ત્યા પણ આવો જ અનુભવ થયો એટલે આખરે તે પોતાના ગામમા આવી ગયો. તે વૈદ્યરાજને પગે પડયા અને બોલ્યો, ‘મે આપના વૈદાની નકલ કરી હુ ઊંટવૈદ્ય બન્યો પણ મને યશ ન મળ્યો.’

‘યશ ક્યાથી ?’ વૈદ્યરાજે કહ્યુ તે માણસ અને ઊંટને એક સરખા જ ગણ્યા. તુ માત્ર ઊંટવૈદ્ય જ બન્યો. મનુષ્યનો વૈદ્ય બન્યો નહીં પરિણામે તને માર પડયા.

અને આમ અભણ–અધ઼રા જ્ઞાનવાળા વૈદ્યરાજો ‘ઊંટવૈદ્ય’ તરીકે ખ્યાતિ પામ્યા.

■